# ચિત્રલેખા

*1950*થી સદા અગ્રસર



**કોવિડ કરુણાંતિકાઃ**
પતિની આખરી
નિશાની માટે
કોર્ટે ચડતી
પાવરફુલ પરિણીતા

રાજ કુન્દ્રાના કરતૂતની કરમકથા

૦૯ ઓગસ્ટ, ૨૦૨૧ | ₹૩૫

chitralekha.com



## ભૂસ્ખલનઃ અતિવૃષ્ટિ સાથે ધસી આવતા આફતના ડુંગર

સિદ્ધિ વિનીતા સિંઘાણિયા

# નમ્ર વ્યક્તિત્વ પાછળનું પોલાદી મનોબળ

એક ઘરરખુ ગૃહિણી. પરિવાર એ જ એમનો સમગ્ર સંસાર... એક દિવસ અચાનક લાખો રૂપિયાના કારોબારની જવાબદારી માથે આવી પડે તો શું થાય? હાથ પર હાથ ધરી બેસી રહેવાને બદલે એમણે કુનેહપૂર્વક વ્યાવસાયિક સજ્જતા કેળવી અને મૃત પતિના કારોબાર પર હથોટી જમાવી. પછી તો કુટુંબીજનો અને સામાન્ય કર્મચારીઓનો સાથ મેળવી એમણે ‘જે.કે. લક્ષ્મી સિમેન્ટ કંપની’ને ૫૦૦૦ કરોડ રૂપિયાના ટર્નઓવર સુધી પહોંચાડી દીધી છે. સાથે સાથે સ્ત્રી સશક્તિકરણ, શિક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે યોગદાન આપી સામાજિક વિકાસનાં મૂળિયાં સિમેન્ટ જેવાં મજબૂત બનાવ્યાં છે.

**કેતન ત્રિવેદી**



અસાધારણ સંજોગ અને અજાણતાં આવી પડેલા પડકાર માણસની અસામાન્ય ક્ષમતા બહાર લાવી શકે. કંઈક એવું જ બન્યું વિનીતા સિંઘાણિયાના જીવનમાં. એમનું વ્યક્તિત્વ જાજરમાન ખરું, પણ આમ એ એક સામાન્ય ગૃહિણી. ઘરમાં નાનાં બાળકો. કુટુંબની દેખરેખ એ જ એમનો સંતોષ. પરિવારના બિઝનેસનો ‘બ’ પણ એ ન જાણે.

આવી સ્થિતિમાં અચાનક કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી કંપનીને સંભાળવાની જવાબદારી આવી પડે તો?

નાનો-મોટો ધંધોધાપો હોય તો હજી પણ ઠીક, પરંતુ આ તો મોટી કંપનીનો મામલો હતો. એ સંભાળવાનું તો ઠીક, સમજવા માટે પણ પ્રોફેશનલિઝમ એટલે કે વ્યાવસાયિક સજ્જતા જોઈએ. જવાબદારી સંભાળવાની તૈયારી હોય તો પણ આ વ્યાવસાયિક સજ્જતા ક્યાંથી લાવવી?

બીજું કોઈ હોય તો કદાચ પહેલેથી જ હથિયાર હેઠાં મૂકી દે, પણ આ મહિલાએ મક્કમ મનોબળનું શસ્ત્ર ઉઠાવીને નક્કી કર્યું સંજોગો સામે લડી લેવાનું. આજે એ મહિલાનું નામ ભારતીય ઉદ્યોગજગતમાં માન સાથે લેવાય છે. દેશનાં કેટલાંક અગ્રણી

ઉદ્યોગગૃહોમાં એમના પરિવારનો સમાવેશ થાય છે.

જી હા, આપણે વાત કરી રહ્યા છીએ જે.કે. *લક્ષ્મી સિમેન્ટ*નાં વાઈસ-ચૅરપર્સન અને મૅનેજિંગ ડિરેક્ટર એવાં વિનીતા સિંઘાણિયાની.

હસબન્ડ શ્રીપતિ સિંઘાણિયાનું ૧૯૮૮માં અવસાન થયું એ પછી ૧૯૯૦માં વિનીતાજીએ સિમેન્ટ બિઝનેસની બાગડોર હાથમાં લીધી ત્યારે કંપનીની ઉત્પાદન ક્ષમતા પાંચ લાખ મૅટ્રિક ટન હતી. આજે પોતાની કુશાગ્રતા અને બિઝનેસની સૂઝના લીધે કંપની સવા કરોડ મૅટ્રિક ટન કરતાં વધારેની ઉત્પાદન ક્ષમતા સાથે અંદાજે રૂપિયા ૫૦૦૦ કરોડનું ટર્નઓવર ધરાવે છે અને સિમેન્ટની સાથે સાથે પીઓપી અને ઓટોક્લેવ્ડ એરેટેડ કોન્ક્રીટ (એએસી) બ્લૉક્સની બનાવટમાં પણ મજબૂત હાજરી ધરાવે છે. જે.કે. *ઑર્ગેનાઈઝેશન*ની ગ્રુપ કંપની તરીકે વર્ષ ૧૯૮૨માં રાજસ્થાનના સિરોહી ખાતે શરૂ થયેલી જે.કે. *લક્ષ્મી સિમેન્ટ* આજે સિરોહી ઉપરાંત દેબોક (ઉદયપુર-રાજસ્થાન), દુર્ગ (છત્તીસગઢ), કલોલ, સુરત અને જજ્જાર (હરિયાણા) ખાતે પ્લાન્ટ્સ ધરાવે

'મારું બાળપણ કાનપુરમાં વીત્યું અને પ્રાથમિક શિક્ષણ પણ ત્યાં જ લીધું. એ સમયમાં લગ્ન નાની ઉંમરે થઈ જતાં એટલે લગ્ન કરીને હું દિલ્હી આવી એ પછી પતિના પ્રોત્સાહનથી પ્રેરાઈને મેં ફરી ભણવાનું શરૂ કર્યું. ખાનગી શિક્ષક પાસેથી ટ્યુશન લઈને *મેરઠ યુનિવર્સિટી*માંથી આર્ટ્સના વિષયમાં ગ્રૅજ્યુએશન પૂરું કર્યું.'

પિયરમાં પણ સંયુક્ત પરિવારમાં ઊછરેલાં એટલે લગ્ન કરીને સાસરે આવ્યા પછી વિશાળ સિંઘાણિયાપરિવારમાં ગોઠવાઈ જવામાં એમને બહુ મુશ્કેલી ન પડી.

*– પરંતુ અચાનક જ બિઝનેસ સંભાળતી વખતે કોઈ મુશ્કેલી ન પડી? એમાંય ખાસ કરીને મહિલા તરીકે?*

'નો ડાઉટ, એ ખૂબ મોટી અને આકસ્મિક આવી પડેલી જવાબદારી હતી. હું આઘાત અને અંધકારમાં હતી...' વિનીતાજી જવાબમાં કહે છેઃ

'પરંતુ મારા પતિના મોટા ભાઈ એટલે કે મારા જેઠ હરિશંકર સિંઘાણિયા






**કંપનીના પ્લાન્ટની મુલાકાત હોય કે રાષ્ટ્રીય સ્તરનો કોઈ કાર્યક્રમ, વિનીતા સિંઘાણિયાએ એક વિશાળ પરિવારના વડીલની જેમ નાની નાની જવાબદારી પણ ઉપાડી લીધી.**

છે. વર્ષ ૨૦૦૯થી ૨૦૧૨ દરમિયાન વિનીતાજી *સિમેન્ટ મૅન્યુફેક્ચરર્સ ઍસોસિયેશન*નાં પ્રમુખ પણ રહી ચૂક્યાં છે. આ પદ સંભાળનારાં પ્રથમ મહિલા બનવાનું માન પણ એમને મળ્યું છે. કંપનીને સિમેન્ટ જેવી જ મજબૂતી અપાવવાનું શ્રેય પણ બેશક, એમના ફાળે જાય છે.

ટાયર, પેપર, પાવર ટ્રાન્સમિશન જેવાં ક્ષેત્રોમાં પથરાયેલા આ ઉદ્યોગગૃહના સ્થાપક સિંઘાણિયાપરિવાર ભારતીય બિઝનેસજગતમાં નવું અને અજાણ્યું નામ નથી. લાલા જુગ્ગીલાલ સિંઘાણિયા અને એમના પુત્ર કમલપત સિંઘાણિયાએ દાયકાઓ પહેલાં શરૂ કરેલો કારોબાર આજે દેશ-દુનિયામાં પથરાયેલો છે.

આ કમલપત સિંઘાણિયાના સૌથી નાના પુત્ર લક્ષ્મીપત સિંઘાણિયાનાં પુત્રવધૂ એવાં વિનીતાનો જન્મ થયો કાનપુરના વેપારી એવા ગુપ્તાપરિવારમાં.

*પ્રિયદર્શિની* સાથેની વાતચીતમાં એ દિવસોને યાદ કરતાં વિનીતાજી કહે છેઃ

અને ટોચની મૅનેજમેન્ટ ટીમના સહયોગથી હું ખૂબ ઝડપથી શીખતી ગઈ. સદ્નસીબે મારી ટીમે મને ખૂબ જ સહયોગ આપ્યો. હું એક મહિલા છું એટલે અમુક-તમુક કામ ન કરી શકું કે એવા પ્રકારનો કોઈ અવરોધ મને ક્યારેય નડ્યો નથી. બિઝનેસ મીટિંગ્સમાં પણ મહિલા તરીકે મને ક્યારેય કોઈ મુશ્કેલી કે ભેદભાવ નડ્યાં નથી.'

વિનીતાજીનો આત્મવિશ્વાસ ગજબનો છે. એમની સાથેની વાતચીતમાં પણ એમનો આ વિશ્વાસ અને માનવીય મૂલ્યોને અગ્રતા આપીને બિઝનેસ કરવાની એમની શૈલીનો પરિચય મળે છે. એ કહે છે એમ, સંયુક્ત પરિવારમાં રહીને પરિવારની જવાબદારી પોતે સંભાળતાં એને કારણે પતિના અવસાન પછી વ્યવસાયની જવાબદારી પણ એ સહેલાઈથી સંભાળી શક્યાં, કેમ કે કંપનીની મૅનેજમેન્ટ ટીમ અને વિશાળ સંખ્યામાં કર્મચારીઓ પણ આખરે તો પરિવારનો એક ભાગ જ છે. ઘરની જવાબદારી સંભાળતાં સંભાળતાં એ પતિની સાથે હાઈ

લેવલ બિઝનેસ પાર્ટીઝ કે મેળાવડામાંય જતાં. એ વખતે જે કંઈ અનુભવેલું એ બધું બિઝનેસ સંભાળ્યો ત્યારે કામ આવ્યું. બિઝનેસમાં કોઈ નિર્ણય લેવાનો હોય ત્યારે નાનામાં નાના ટીમ મેમ્બરની વાતને પણ ધ્યાનથી સાંભળે. એમાંથી પણ કાંઈક શીખવાનો પ્રયત્ન કરે. આ બધામાંથી જ એમણે ધીમે ધીમે પોતાની સફળતાની કેડી કંડારી.

આપમેળે કેળવેલા આ આત્મવિશ્વાસને કારણે જ વિનીતાજી એમના માર્ગમાં આવેલા અવરોધોને પાર કરી શક્યાં, નહીં તો એમને કોઈ મુશ્કેલી નડી જ નથી એવું નથી. ૧૯૯૦માં એમણે બિઝનેસ સંભાળ્યો ત્યારે બન્ને દીકરા અંશુમાન અને શ્રીવત્સ નાના હતા. બિઝનેસની સાથે સાથે એમનાં ઉછેર અને શિક્ષણ પાછળ પણ ધ્યાન આપવાનું હતું. એમાંય શ્રીવત્સની તબિયતને કારણે વચ્ચે થોડોક સમય એમના માટે કપરો વીત્યો. સારવાર માટે અવારનવાર વિદેશ પણ જવું પડે. આ બધા સંજોગો વચ્ચે પણ એમણે પરિવારજનોના સહયોગથી સ્થિતિ સંભાળી.




**કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ભાગ રૂપે મહિલાઓ માટે અક્ષરજ્ઞાન સહિતનાં કામનો આનંદ બહુ મોટો છે.**

એ કહે છેઃ 'આજે મને ખુદને પણ નવાઈ લાગે છે કે હું કઈ રીતે આ મુશ્કેલ પરિસ્થિતિને સંભાળી શકી હોઈશ!'

આજે તો એમના બન્ને પુત્ર વ્યવસાયમાં જોડાઈ ચૂક્યા છે અને પરણીને સૅટલ્ડ છે. મોટો દીકરો અંશુમાન જે.કે. *ટાયર*માં ડેપ્યુટી મૅનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યરત છે તો નાનો દીકરો શ્રીવત્સ સિમેન્ટ બિઝનેસમાં એમની સાથે છે.

પારિવારિક આ મૂલ્યોને એમણે બિઝનેસમાં પણ અપનાવ્યાં છે અને એટલે જ કંપનીના *કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી* (સીએસઆર) વિભાગની જવાબદારી પણ એ જાતે જ સંભાળે છે. સિરોહી પ્લાન્ટ આવેલો છે એ વિસ્તારમાં મહિલા સશક્તિકરણ અને શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલાં કામો અને આ વિસ્તારની બદલાયેલી સિકલ વિશે એ વાત કરે છે ત્યારે એમના અવાજમાં એક જુદા જ પ્રકારનો રણકો વર્તાય છે. કંઈક કરી શક્યાના સંતોષનો રણકો, કંઈક ગમતું કામ કરી શક્યાના આનંદનો રણકો.

આ વિસ્તારની સાવ અભણ બહેનો ઢળતી ઉંમરે લખતાં-વાંચતાં શીખે અને પછી એમને પત્ર લખે એ વાંચવાનો આનંદ એમના માટે કોઈ કૉર્પોરેટ એવૉર્ડથી ક્યાંય વિશેષ છે.

વિનીતાજી કહે છેઃ 'આ કામ અમારા માટે ફક્ત ચૅરિટી નથી. માનવીય મૂલ્યો અમારી સૌથી મોટી પ્રાથમિકતા છે અને એને જાળવીને સ્થાનિક લોકોનું જીવનધોરણ ઊંચું આવે એ માટે અમે સતત પ્રયત્નશીલ છીએ.'

ટીમના સભ્યોની મુશ્કેલીઓ જાણવી અને એના ઉકેલમાં શક્ય એટલું મદદરૂપ થવું કે પછી ટીમ મેમ્બર્સને જન્મદિવસ-લગ્નદિવસની શુભેચ્છાઓ પાઠવવી એ એમના નિત્યક્રમનો જ જાણે ભાગ છે.

સાથે સાથે વિનીતાજી પર્યાવરણની સુરક્ષા માટે પણ એટલાં જ સંવેદનશીલ છે. કંપનીના બધા જ પ્લાન્ટ્સમાં એમણે વૉટર હાર્વેસ્ટિંગ અને કન્ઝર્વેશનની યોજના અમલી કરી છે અને પાણીનો બગાડ અટકાવીને એને શક્ય એટલું રિ-યુઝ કરી શકાય એ માટે જરૂરી તમામ વ્યવસ્થા કરી છે. પ્લાન્ટ્સમાં જ્યાં શક્ય હોય ત્યાં સોલાર પાવર સિસ્ટમ ફિટ કરીને રિન્યુએબલ એનર્જીના વપરાશ પર વધારે ભાર મૂક્યો છે. પર્યાવરણ ઑડિટને એ સૌથી વધારે ગંભીરતાથી લે છે અને એમાંથી કાર્બન ઉત્સર્જન કઈ રીતે ઘટાડી શકાય એ માટે એ હજી વધારે ને વધારે આવા ઉપાયો અમલમાં મૂકવા માગે છે.

આત્મવિશ્વાસ અને ઊર્જાથી ભરેલું છે વિનીતાજીનું વ્યક્તિત્વ. એક તરફ, એ કંપનીની સિમેન્ટ ઉત્પાદન ક્ષમતાને વધારીને આગામી વર્ષોમાં બે કરોડ મૅટ્રિક ટન સુધી લઈ જવા માગે છે તો સાથે સાથે સામાજિક કાર્યોમાં પણ શક્ય એટલું વધારે યોગદાન આપવા માગે છે. આટલી વ્યસ્તતામાં નવરાશ આમ તો મળતી નથી, પણ આમ છતાંય ઘરના બગીચાની સારસંભાળ એ ખુદ જ રાખી શકે એટલી સમયપાલનની શિસ્ત પણ એ ધરાવે છે.

વિનીતાજી કહે છેઃ 'મારા જીવનમાં હું બે વ્યક્તિથી ખૂબ પ્રભાવિત થઈ છું. પાર્થસારથિજીનાં *ભગવદ્‌ગીતા* પરનાં પ્રવચનોથી મને ઘણું શીખવા મળ્યું છે તો મારા પતિના મોટા ભાઈ હરિશંકર સિંઘાણિયા પાસેથી પરિવારને એક કઈ રીતે રાખવો, સાથે મળીને કામ કેમ કરવું જેવી બાબતો શીખવા મળી છે. આજે પણ અમે સિંઘાણિયાપરિવારના સભ્યો પંદર દિવસે કે મહિને લંચ-ડિનર પર મળીએ છીએ. બિઝનેસના ખૂબ મોટા નિર્ણયોની ખુલ્લા દિલથી સાથે મળીને ચર્ચા કરીએ છીએ. કદાચ એના લીધે જ સંયુક્ત પરિવારમાં હોવા છતાંય પરિવારમાં ક્યારેય મનદુઃખ થવાની કે બિઝનેસને કારણે ઘર્ષણ ઊભાં થવાની શક્યતા રહેતી નથી.'

એ માને છે કે વ્યક્તિની પૅશનનો કોઈ અંત ન હોઈ શકે અને એટલે લક્ષ્યાંક ક્યારેય મર્યાદિત ન હોઈ શકે. નવી પેઢીને, ખાસ કરીને યુવતીઓ માટે એ કહે છે કે બી પૅશનેટ ઍન્ડ બી પોલાઈટ... જે માન્યતા કે વિચાર ધરાવો છો એને વળગી રહો, પણ વાણી-વર્તનમાં નમ્ર બનો. સામેવાળાની વાત, એના વિચારને પણ માન આપો. કોઈ પણ ક્ષેત્રમાં આગળ આવવા આ સમજણ ખૂબ જરૂરી છે.

વિનીતાજીનું પોતાનું વ્યક્તિત્વ પણ એવું જ છેઃ પૅશન એટલે કે ઝનૂન, એક પ્રકારની ઉત્કટતા અને પોલાઈટનેસનો યોગ્ય સમન્વય ધરાવતું એક સફળ વ્યક્તિત્વ. ■